## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના હો... અનલીમીટેડ પીઝા ના લાવતો... ગયા વખતે અનલીમીટેડ પીઝા ખાધા પછી ડોક્ટરનું બીલ પણ અનલીમીટેડ જ આવ્યું હતું.

# ગાંધીનગર મેડીકલ કોલેજના વર્ગ-૪ ના કર્મચારીઓની હડતાલ : પ્રશ્નો યથાવત

### ખાનગી એજન્સીએ હૈયાધારણા આપવા છતા પ્રશ્નોનો ઉકેલ નહી આવતા કર્મચારીઓ આંદોલનના મુડમાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મેડીકલ કોલેજમાં સાફ-સફાઈની જવાબદારી ખાનગી એજન્સીના શિરે છે. ખાનગી એજન્સીના ૬૦ જેટલા કર્મચારીઓ સફાઈ કામગીરીમાં જોડાયેલા છે. ત્યારે થોડા સમય અગાઉ એજન્સીના કર્મચારીઓએ પગાર વધારા મુદ્દે હડતાલ પાડી હતી. તે સમયે તેઓને પગાર વધારો સહિતની માંગ એજન્સી પુરી કરવાની ખાતરી આપવામાં આવી હતી. તેમ છતા જુન માસના પગારમાં કોઈ વધારો નહીં આવતા કર્મચારીઓ આજે મેડીકલ કોલેજ અને હોસ્ટેલની સફાઈ કામગીરીથી અળગા રહ્યા હતા. ત્યારે ફરીવાર મેડીકલ કોલેજમાં સફાઈમાં લાખો રૂપીયા ખર્ચ કરવા છતા જાતે સફાઈ કરવાનો કર્મચારીઓને વારો આવ્યો છે.

પાટનગરની મેડીકલ કોલેજમાં સફાઈની જવાબદારી રવિ એજન્સીના શિરે છે. જેમાં અંદાજીત ૬૦ જેટલા કર્મચારીઓ મેડીકલ કોલેજ, તબિબિ હોસ્ટેલ સહિત ઓડીટોરીયમની સફાઈની કામગીરી કરે છે. ત્યારે વર્ગ-૪ ના કર્મચારીઓએ થોડા સમય અગાઉ પણ પગાર વધારો તેમજ અન્ય માંગણીઓને લઈ હડતાલ પાડી હતી.ત્યારે પણ મેડીકલ કોલેજમાં સફાઈ થઈ શકી નહોતી. તો રૂપીયા ખર્ચ કરવા છતા પણ મેડીકલ કોલેજમાં હડતાલ પડતા તંત્રના અધિકારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. જયારે એજન્સીએ ચારથી વધુ કર્મચારીઓને છુટા કરી દીધા છે, તો બીજીતરફ કર્મચારીઓનું કહેવું છે કે ગત સમયે હડતાલમાં અમને પગાર વધારો તેમજ ચાર રવિવાર ભરી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. અને ચાલુ માસથી પગાર વધારો આવશે તેમ છતા પગાર વધારો આવ્યો નથી. જયારે રવિ એજન્સીના સુપરવાઈઝર કપિલ જણાવી રહ્યા છે કે કર્મચારીઓને જુન માસનો પગાર આપી દેવામાં આવ્યો છે, અને જે તે વધારાની રકમનો ડિફરન્સ છે તે થોડા સમયમાં કંપની દ્વારા ચુકવી દેવામાં આવશે. જયારે સફાઈ અંગે વારંવાર ફરિયાદ આવતી હતી તેવા કર્મચારીઓને એજન્સી દ્વારા છુટા કરી દેવાયા છે.ત્યારે કર્મચારીઓની હડતાલ હજુ પણ યથાવત છે તેઓ ટસના મસ થયા નથી.



# આદિવાડામાં ઉભરાતી ગટરો : ગ્રામજનો હેરાન

### કાદવ-કિચડ અને ખદબદતી ગંદકીમાં રહેવા નાગરીકો મજબુર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોની હાલત ચોમાસાની સિઝનમાં દયનીય બની જવા પામે છે. વરસાદી પાણીના ભરાવાને પગલે કાદવ-કિચડથી ગામના રહીશોની હાલત કફોડી બની જાય છે. ત્યારે આદિવાડા ગામમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યા છે. ત્યારે આ સમસ્યાનો ઉકેલ તંત્ર દ્વારા લવાયો નથી. જયારે



એક તરફ ચોમાસાને પગલે કાદવ અને કિચડ ગામમાં છે તો બીજીતરફ ગટરો બેક મારતા ગટરના ગંદા પાણી ગામના માર્ગો પર ફરી વળ્યા છે. અતિશય ગંદકીને પગલે ગામના રહીશોનું રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. જયારે ગંદકીને પગલે ગ્રામજનો શાંતિથી નિંદર પણ માણી શકતા નથી. ત્યારે ઉભરાતી ગટરોને પગલે ગ્રામજનોના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૧ માં સમાવેશ આદિવાડા ગામની હાલત ચોમાસામાં અત્યંત ખરાબ થઈ જાય છે. આદિવાડામાં ગટરો ઉભરાતી હોવાનો પ્રશ્ન યથાવત રહેવા પામ્યો છે. તંત્રના પ્રયત્નો છતા ચોમાસામાં ગટરો બેક મારે છે. ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો, કાદવ-કિચડ અને ગંદકીને પગલે ગ્રામજનોની હાલત કફોડી બની ગઈ છે. આદિવાડામાં સસ્તા અનાજની દુકાનની બાજુમાં ગટર ઉભરાતા રાહદારીઓ અને રહીશોની મુશ્કેલીમાં વધારો કરે છે. મચ્છરોના ત્રાસ વધતા મચ્છરજન્ય રોગચાળો વધે તેવી દહેશત વર્તાઈ રહી છે. જયારે ગ્રામજનોને કાદવ-કિચડમાંથી પસાર થવાની ફરજ પડે છે. ગ્રામજનો દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. છતા તંત્ર દ્વારા આદિવાડા ગામની ઉભરાતી ગટરો બંધ થવા પામી નથી. ત્યારે ચોમાસાની સિઝન અને ઉભરાતી ગટરોથી નાગરીકો ત્રસ્ત બની જવા પામ્યા છે.ત્યારે ગામમાં ગટરો ઉભરાતી સત્વરે બંધ થાય તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.

# કિશોર કલાસીસ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં શિક્ષણક્ષેત્રે કિશોર કલાસીસ આગવુ સ્થાન ધરાવે છે. શિક્ષણની સાથે વિવિધ ઈત્તર પ્રવૃત્તિ અને સેવાકીય પ્રવૃત્તિઓ પણ વર્ષ દરમિયાન કરવામાં આવે છે. ત્યારે કિશોર ક્લાસીસના બળવંતસિંહના જન્મ દિવસે આજે સેક્ટર-૬ ખાતે ૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ. જયારે વિદ્યાર્થીઓએ તેમના જન્મ દિન નિમિત્તે મિણબત્તીઓ સળગાવી કેક કાપી જન્મદિનની ઉજવણી કરી હતી. ગત વર્ષથી બળવંતસિંહ આ વૃક્ષારોપણનો ચિલો ચાતર્યો છે. વૃક્ષોના વાવેતર સમયે વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં બળવંતસિંહ સાથે કિશોરસિંહ, ડૉ. અજયસિંહ, પ્રતિકભાઈ, એચ.આર. પંડ્યા, ટ્રાન્સપોર્ટ સ્ટાફ તેમજ ક્લાસીસના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ કાઉન્સિલ સોલા ખાતે ધ્યાન કાર્યક્રમ

ઉમિયા કેરીયર ડેવલોપમેન્ટ કાઉન્સીલ, ઉમિયા કેમ્પસ સોલા ખાતે ૮૦ જેટલા યુવકો યુપીએસસી/જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તાલીમ લઈ રહ્યા છે. પરીક્ષામાં સફળતા માટે ધ્યાન ઘણું ઉપયોગી થઈ શકે તેમ જણાતાં સંસ્થાના ચેરમેન આર.પી. પટેલે ધ્યાન અંગેના કાર્યક્રમનું આયોજન કરવા ચીફ કો-ઓર્ડીનેટર દેવાંગ દવેને જણાવતાં જણાવ્યું કે ''ધ્યાન, સુખ, શાંતિ અને સ્વર્ગ'' પૂસ્તકના લેખક બી.આર. કટારા, પૂર્વ ખાંડ નિયામક, ગુ.રા.એ. પરીક્ષાની સફળતા માટે યુવાનોને ધ્યાન કઈ રીતે ઉપયોગી નિવડી શકે તે અંગે મનનીય અને પ્રેરણાદાયી પ્રવચન આપી ધ્યાન-સમાધિનો અનુભવ કરાવ્યો હતો.

# ... હાઈવે પર જતી લકઝરીમાંથી બિનવારસી ગાંજાનો જથ્થો ઝડપાયો

### જયપુર થી સુરત જતી સ્લીપર કોચ લકઝરીમાંથી સાડા પાંચ કિલો ગાંજો મળ્યો : ચંદ્રાલા પાસે વાહન ચેકિંગમાં ઊભેલી ચિલોડા પોલીસના હાથે ગાંજો ઝડપાયો : ૩૦થી વધુ મુસાફરોના ઈન્ટ્રોગેશન થયા પરંતુ ગાંજાનો માલિક ના મળ્યો

ગાંધીનગર, તા.૧૭

ચિલોડા પોલીસ આજે સવારે ચંદ્રાલા પાટિયા પાસે વાહનચેકિંગમાં હતી ત્યારે જયપુરથી સુરત જતી સ્લીપર કોચ લકઝરીમાં ચેકિંગ દરમિયાન ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. મુસાફરો ભરેલી આ લકઝરીમાં ગાંજો કોણ લાવ્યુ તે તપાસનો વિષય બની ગયો હતો. ચિલોડા પોલીસે સાડા પાંચ કિલોથી વધુ વજન નો બિનવારસી ગાંજો જપ્ત કરી એફ.એસ.એલ.ની ટીમ પણ સ્થળ પર બોલાવી લીધી હતી. લકઝરીમાં સવાર ૩૦ થી વધુ મુસાફરો ના ઈન્ટ્રોગેશન થયા પરંતુ ગાંજા નો માલિક કોણ હતો તે હજુ સુધી બહાર આવી શક્યુ નથી. ચિલોડા પોલીસ બિનવારસી ગાંજો જપ્ત કરી લકઝરીમાં ગાંજાની હેરાફેરી કરનાર શખ્સ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

ચિલોડા પીઆઈ એલ.ડી.વાઘેલાની સૂચનાથી તેમને એક ટીમ આજે વહેલી સવારે ચંદ્રાલા પાટિયા પાસે નેશનલ હાઈવે નંબર આઠ ઉપર વાહન ચેકિંગ કરી રહી હતી. લકઝરીઓમાં વિદેશી દારૂની હેરાફેરીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે ત્યારે લકઝરીઓમાં પણ ખાસ ચેકિંગ થઈ રહ્યું છે. દરમિયાન આજે સવારે બાલાજીની જયપુરથી સુરત સ્લીપીંગ કોચ લકઝરી પસાર થઈ રહી હતી અને તેનું ચેકિંગ શરૂ કરતાં અંદરથી એક બિનવારસી થેલો મળી આવ્યો હતો. જુદા જુદા પેકેટમાં ઈંડા આકારના ગોળા બનાવી ને પેકિંગ કરેલા થેલામાં તપાસ કરતા અંદરથી ૫ કિલો અને ૭૨૨ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. બિનવારસી મળેલો આ થેલો કોનો છે તે જાણવા માટે દરેક મુસાફરો કે જે અંદર બેઠા હતા તેમની ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી હતી પરંતુ કોઈએ મગનું નામ મરી પાડ્યું ન હતું. ચિલોડા પોલીસે એફ.એસ.એલ બોલાવીને ૩૦થી વધુ મુસાફરોના ઈન્ટ્રોગેશન કર્યા હતા પરંતુ કોનો માલ છે તે બહાર ન આવતા આખરે ચિલોડા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા શખ્સ સામે એનડીપીએસ નો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.






# સે. ૯ શોપીંગના વેપારીઓ દ્વારા આઈસક્રીમ વિતરણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં નીકળેલી પરંપરાગત ભગવાન જગન્નાથની રથયાત્રામાં સેક્ટર-૧૦-બી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ કચેરી પાસે સેક્ટર-૯ શોપીંગ સેન્ટરના વેપારી મિત્રમંડળ દ્વારા રથયાત્રામાં સામેલ ભક્તો માટે આઈસક્રીમનું વિતરણ કરાયું હતું.

# ગાંધીનગર ડિસ્ટ્રિક્ટની ૨૯મી રાયફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં સેક્ટર-૧૨ ખાતે રવિવારે ૨૯મી ડિસ્ટ્રિક્ટ રાયફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં જિલ્લાના ૧૦૦ જેટલા શુટર્સે વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો.

સેક્ટર-૧૨માં વિવેકાનંદ સ્કૂલ ખાતે યોજાયેલ ૨૯મી ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાયફલ શુટિંગ ચેમ્પિયનશીપ-૨૦૧૮માં યુથ, જુનિયર અને ઓપન એમ ત્રણ કેટેગરીમાં બૉયજ તથા ગર્લ્સ માટે સ્પર્ધા યોજાઈ હતી. યુથ કેટેગરીમાં બૉયઝ વિભાગમાં યુગ પારેખને ગોલ્ડ, પાર્થ ટાંકને સિલ્વર અને ક્રિશ્નરાજસિંહ વાઘેલાને બ્રોન્ઝ મેડલ તથા ગર્લ્સ વિભાગમાં કાવ્યા જોશીને ગોલ્ડ, બંસરી ત્રિવેદીને સિલ્વર અને સુહાની રાવલને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે. જુનિયર બૉયઝમાં મીત પરમારને ગોલ્ડ, યશરાજસિંહ વાઘેલાને સિલ્વર તથા વિદુર મુનીને બ્રોન્ઝ મેડલ તેમજ જુનિયર ગર્લ્સમાં અંકિતા યાદવને ગોલ્ડ, કાવ્યા શેટ્ટીને સિલ્વર તેમજ દનુઝાને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે. ઓપન કેટેગરીમાં બૉયઝમાં અનિરૂદ્ધસિંહ ચાવડાએ ગોલ્ડ, અનુજ પટેલે સિલ્વર તથા તૌફિક શેખે બ્રોન્ઝ મેડલ અને ગર્લ્સમાં પિયુશા તળવીએ ગોલ્ડ, વૈશાલી પટેલે સિલ્વર તેમજ ઉર્વશી રવીએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

આ ટૂર્નામેન્ટ ૧૦ મીટર ૦.૧૭૭ એરરાયફલ શુટિંગ માટે યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટના આયોજન માટે ડિસ્ટ્રિક્ટ એસોસિએશનના પ્રમુખ મહેશભાઈ, સેક્રેટરી હિતેન્દ્રસિંહ, સહમંત્રી ગજેન્દ્રસિંહે વ્યવસ્થા સંભાળી હતી. આ ટૂર્નામેન્ટમાં રમતને તેમજ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા ગુજરાત રાયફલ ક્લબના પ્રેસિડેન્ટ ડૉ. જશવંતસિંહ અને ઉપપ્રમુખ નરપતસિંહ બારડે વિશેષ હાજરી આપી સ્પર્ધકોમાં નવુ જોમ ઉત્સાહ પૂર્યા હતા.






ગાંધીનગરના સેક્ટર-૨૬માં કિસાનનગર નજીક આંતરિક રીંગરોડ પાસે એક ગટરનું ઢાંકણ તુટેલુ હોવાથી જોખમી હાલતમાં હતી. વરસાદી મૌસમમાં આ ગટર કોઈનો ભોગ લે તે પહેલા આ વિસ્તારના રહીશોએ સ્થાનિક કોર્પોરેટરને જાણ કરતા તેમણે માત્ર ૧૨ જ કલાકમાં ગટરને નવુ ઢાંકણ લાવી ગટરના રીપેરીંગ સાથે લગાડી આપી જોખમને દૂર કર્યુ હતુ.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ઓરી રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૭

રાજ્યમાં ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને રસી મુકાવી રોગમુક્ત કરવાના અભિયાનમાં ૯ મહિનાથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકોને આવરી લેવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળામાં રસીકરણ અભિયાન અંતર્ગત આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૭૮ બાળકોને રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આરોગ્ય કેન્દ્રની ટીમ ડૉ. આશિષભાઈ, ડૉ. નીપા પટેલ, આયુષ મેડીકલ ઓફિસરની ટીમ સહિત વી.એમ. ગોહિલ, એસ.ડી. બ્રહ્મભટ્ટ, કે.એસ. પટેલ, સોલંકી ઈલાબેન, વાળંદ મીનાબેન, સોલંકી જયશ્રીબેન, રાઠોડ ભાવનાબેન, પટેલ જસ્મીતા, આશા ફેસીલેટર, પરમાર ખુશ્બુ આશા ફેસીલેટર વગેરે કર્મચારીગણ ઉપસ્થિત રહી બાળકોને ધોરણ પ્રમાણે રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોના વાલીઓ એસ.એસ. સીના, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમીન પટેલ, શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શાળા પરિવાર વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. આ સાથે રસીકરણ અંતર્ગત બાળકોને ઓરી-રૂબેલા રસી અંગે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# દહેગામ પોલીસ પર એસીબીની સફળ ટ્રેપના બોગસ મેસેજ વાયરલ થતા ચકચાર

દહેગામ પોલીસ સ્ટેશનના એક એ.એસ.આઈ અને એક હેડ કોન્સ્ટેબલ અરજદારના પાસપોર્ટનો પોઝિટિવ અભિપ્રાય આપવા માગેલી પાંચ હજારની લાંચની રકમ પૈકી એક હજાર રૂપિયા સ્વીકારતા રંગે હાથ પકડાઈ ગયા હોવાના આબેહૂબ એસીબીના જેવા જ મેસેજ પરંતુ બોગસ મેસેજ ફરતા થતા ચકચાર મચી જવા પામી છે. ગઈકાલ સાંજના આ બોગસ મેસેજ સોશિયલ મીડિયામાં ફરતા થઈ ગયા છે. જો કે આ મામલે એસીબી ઓફિસમાં ખરાઈ કરાતા આવી કોઈ ટ્રેપ તેમના દ્વારા કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

ગઈકાલ સાંજથી ગાંધીનગર જિલ્લામાં આવેલા દહેગામ પોલીસ મથકના બે પોલીસ કર્મચારીઓના નામ જોગ એન્ટીકરપ્શન બ્યુરોની ટ્રેપના મેસેજ સોશિયલ મીડિયામાં ફરતા થઈ ગયા હતા. દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ભદ્રેશકુમાર પરમાર અને એ.એસ.આઈ મહેશ જોરસંઘ વાઘેલા નામના બે પોલીસ કર્મચારીઓને ગાંધીનગર એસીબીની ટીમે ગોઠવીને એક હજારની લાંચ સ્વીકારતા પકડી પાડયા હોવાનો મેસેજ ફરતો થયો છે. એસીબીની ટીમ જે રીતે ટ્રેપ ગોઠવી આરોપીઓના નામ જોગ અને તે ટ્રેપની ટૂંક વિગત મીડિયા બ્રિફ માટે મોકલે છે આબેહૂબ તે જ મેસેજ પેટર્નથી આ એસીબીનો મેસેજ પણ ફરતો થયો છે. જેમાં અરજદારનું નામ હરપાલ જીવણજી ચૌહાણ અને ટ્રેપ સ્થળ દહેગામ અમરાજીના મુવાડા ગજાનન પેટ્રોલ પંપ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેસેજમાં ટ્રેપની ટૂંક વિગત બતાવવામાં આવી હતી તે મુજબ ઉપરોક્ત બંને પોલીસ કર્મચારીઓએ ફરિયાદીના પુત્રના પાસપોર્ટ માટેની ઈન્કવાયરી એ.એસ.આઈ કરતા હતા અને આ પાસપોર્ટની ઈન્કવાયરી જલ્દીથી કોઈ ક્વેરી વગર આગળ અભિપ્રાય પોઝિટિવ આપવા માટે લાંચની માગણી કરતા હતા અને આ માટે રૂપિયા ૫,૦૦૦ તથા પેટ્રોલના રૂપિયા ૫૦૦ મળી રૂ.૫૫૦૦ ની માંગણી કરવામાં આવી હતી. આ લાંચની રકમ સ્વીકારવા માટે પેટ્રોલ પંપ પાસે હેડ કોન્સ્ટેબલ પકડાઈ ગયા હતા અને ગાંધીનગર એસીબીની ટીમના પીઆઈ ડી વી પ્રસાદ અને ક્રિષ્નાબા ડાભીની ટીમે આ ટ્રેપ ગોઠવી હોવાનો મેસેજમાં ઉલ્લેખ છે. એસીબી ટ્રેપ ના આ મેસેજ સોશિયલ મિડીયામાં ગઈકાલ સાંજથી વાઈરલ થવા લાગતા દહેગામ પોલીસમાં પણ ખળભળાટ મચી ગયો હતો. આ મામલે મેસેજની ખરાઈ કરતા ઉપરોક્ત નામવાળા કોઈપણ પોલીસ દહેગામ પોલીસ મથકમાં ફરજ બજાવતા ન હોવાનું ધ્યાને આવ્યું છે. આ મામલે ગાંધીનગર એસીબી પીઆઈ નો સંપર્ક કરતા તેમણે પણ જણાવ્યું છે કે દહેગામમાં આવી કોઈ ટેપ કરવામાં આવી નથી. કોઈ અસામાજિક તત્વો દ્વારા એસીબીના મેસેજને એડિટ કરીને આ મેસેજ બનાવી સોશિયલ મીડિયામાં ફરતો કર્યો હોવાની શક્યતા વ્યક્ત કરી છે.



## NOTICE

**Company's Name :** Vidhi Dystuff

**Regd. Office :** Sharex Dynamic (India) Pvt. Ltd. Andheri Kurla Road, Andheri (East) Mumbai-72

Notice is hereby given that the certificate(s) for the under mentioned securities of the Company have been lost / misplaced and the holder(s) of the said securities have applied to the Company to issue duplicate certificate(s).

Any person who has a claim in respect of the said securities should lodge claim with the company at its Registered Office within 15 days from this date, else the Company will procees to issue duplicate certificate(s) without further intimation.

| Name of the Holder | Folio No. | Kind of Securities And Face Value | No. of Securities | Distinctive Numbers | Certificate Numbers |
|---|---|---|---|---|---|
| Godavariben N. Patel | 002124 | 1 Rs. | 4000 | 6276001 to 6280000 | |

**Place : Gandhinagar** **Date : 17-7-2018**